# તમારું જીવન કઈ રીતે જીવવું તે નક્કી કરવાનો અધિકાર તમારો છે

પોતાની મૂળભૂત રસરુચિથી વિરુદ્ધ જઈ અંશુમાન ઑટોમોબાઈલ એન્જિનિયરિંગ જેવી ‘જડ’ અને શુષ્ક લાઇનમાં દાખલ થઈ ગયો. માંડ માંડ ત્રણ સેમેસ્ટર પાસ પણ કર્યાં, પણ ચોથા સેમેસ્ટરમાં તે અટકી પડ્યો. આ લાઇન પ્રત્યેનો તેનો અણગમો ઉગ્ર બન્યો. તે ક્લાસમાં ગેરહાજર રહી મિત્રો સાથે વ્યસનના રવાડે ચડ્યો. મોટા ભાઈએ તેને ખૂબ સમજાવ્યો. કૅનબિસના વ્યસનની સારવાર પણ કરાવી, પરંતુ સારવાર પછી તેણે સ્પષ્ટપણે કહી દીધું કે તે હવે એન્જિનિયરિંગમાં ક્યારેય નહીં જાય. આખરે એચ.એસ.સી.નાં બે વર્ષ પછી તેણે પર્ફોર્મિંગ આર્ટ્સમાં ઍડમિશન લીધું.

અંશુમાનના પિતા મૃત્યુ પામ્યા હતા એટલે તેના પાલનપોષણ, અભ્યાસ વગેરેનો સઘળો ખર્ચ તેના મોટા ભાઈએ ઉપાડવાનો શરૂ કર્યો. અંશુમાન બારમા ધોરણમાં પાસ થયો એટલે તેને કઈ લાઇનમાં જવું તે નક્કી કરવાનું આવ્યું.

અંશુમાનને સંગીત, કળા, સાહિત્ય વગેરેમાં ઘણી રુચિ હતી એટલે તે 'પર્ફોર્મિંગ આર્ટ્સ'માં જવા માગતો હતો. સાથે સાથે તેને ક્રિકેટનો પણ ભારે શોખ હતો એટલે પૂરતું કોચિંગ મેળવી આઇપીએલ રમવાનું પણ તેનું સ્વપ્નું હતું.

મોટા ભાઈનો ઑટોમોબાઇલનો ધંધો હતો એટલે આ વિષયની તેમને ઘણી જાણકારી હતી. તેમની ઇચ્છા હતી કે સંગીત અને ક્રિકેટ જેવા પાર્ટ-ટાઇમ કોર્સમાં જવાથી પેટિયું રળાવું શક્ય નથી. ભણવાની લાઇન તો એવી લેવાય કે જે ભવિષ્યમાં નોકરી-ધંધો મેળવવામાં કામ આવે. સંગીત અને ક્રિકેટ જેવા શોખ તો પછીથી પણ સંતોષી શકાય.

અંશુમાન શાસ્ત્રીય સંગીતમાં તથા ડાન્સમાં સારું નામ કાઢી ચૂક્યો હતો. અને ક્રિકેટમાં પણ આંતર-શાળાકીય સ્પર્ધામાં તેનો રેકૉર્ડ સારો હતો. તે અન્ડર-નાઇન્ટીન ટીમમાં સિલેક્ટ થવા માટે ફેવરિટ ગણાતો. નૅશનલ ક્રિકેટ એકૅડેમીમાં તેનું સિલેકશન પણ થઈ ચૂક્યું હતું.

પરંતુ આર્થિક રીતે તે મોટા ભાઈ પર આધારિત હોવાને કારણે મોટા ભાઈએ પોતાનો વીટો વાપરી ઑટોમોબાઇલ્સ એન્જિનિયરિંગમાં તેને દાખલ કરાવી દીધો. મોટો ભાઈ પોતાનો પાલક હોઈ તેની આજ્ઞા અંશુમાન ઉથાપી શક્યો નહીં એટલું જ નહીં, તેમની ઇચ્છાને સર-આંખો પર ચડાવી તે ઑટોમોબાઇલ એન્જિનિયરિંગના કોર્સમાં દાખલ થઈ ગયો.

પોતાની મૂળભૂત રસરુચિથી વિરુદ્ધ જઈ અંશુમાન ઑટોમોબાઇલ એન્જિનિયરિંગ જેવી 'જડ' અને શુષ્ક લાઇનમાં દાખલ થઈ ગયો. માંડ માંડ ત્રણ સેમેસ્ટર પાસ પણ કર્યાં, પણ ચોથા સેમેસ્ટરમાં તે અટકી પડ્યો. આ લાઇન પ્રત્યેનો તેનો અણગમો ઉગ્ર બન્યો. તે ક્લાસમાં ગેરહાજર રહી મિત્રો સાથે વ્યસનના રવાડે ચડ્યો.

મોટા ભાઈએ તેને ખૂબ સમજાવ્યો. કૅનાબિસના વ્યસનની સારવાર

પણ કરાવી, પરંતુ સારવાર પછી તેણે સ્પષ્ટપણે કહી દીધું કે તે હવે એન્જિનિયરિંગમાં ક્યારેય નહીં જાય. આખરે એચ.એસ.સી.નાં બે વર્ષ પછી તેણે પર્ફોર્મિંગ આર્ટ્સમાં ઍડમિશન લીધું. ક્રિકેટની પ્રૅક્ટિસ કરી, પણ આઇપીએલમાં જવાનું તેને લગભગ અશક્ય લાગ્યું. એટલે તેણે પૂરા દિલથી પર્ફોર્મિંગ આર્ટ્સમાં ઝંપલાવ્યું.

'આર્ટ્સમાં જઈને ભૂખે મરીશ, નાચણિયા થવાથી પેટ નહીં ભરાય' તેવી ચેતવણી મોટા ભાઈએ આપી, એટલું જ નહીં, મીઠો ઠપકો પણ આપ્યો કે મેં બે વરસના પૈસાનું પાણી કર્યું. તું મોટી ભૂલ કરે છે. હવે ભવિષ્યમાં તને કોઈ પ્રકારનો નોકરી-ધંધો શરૂ કરાવવામાં પાઈની પણ મદદ નહીં કરું.

અંશુમાને મોટા ભાઈને સ્વસ્થતા અને દઢતાથી જવાબ આપ્યા કે 'મારે પરફોર્મિંગ આર્ટ્સ'માં જવું જ હતું. હું ગમે તેવી ભૂલ કરતો હોઉં તો પણ મારા ભવિષ્યની જવાબદારી હવે માત્ર મારી જ છે. મારા જીવનને કયા પ્રકારનો વળાંક આપવો તેનો નિર્ણય મારો અને માત્ર મારો જ છે. આ નિર્ણય સાવ ખોટો સાબિત થાય તો પણ તે અંગેની જવાબદારી મારી અને માત્ર મારી જ ગણાશે.'

અંશુમાને પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે સ્વસ્થતાથી અને સ્વાગ્રહીપણે રજૂ કર્યો અને મોટા ભાઈએ તેની વાત માનવી પડી.

પોતાની મનવાંછિત લાઇનમાં તેની કુદરતી શક્તિ વધારે ખીલી ઊઠી અને તે સફળ ડાન્સર થયો. આજે તેના ડાન્સ અને રેપ ક્લાસ ભરવા લાંબી લાઇન લાગે છે અને તે સ્ટેજ પર્ફોર્મન્સના મોંમાગ્યા પૈસા લે છે.

આમ બીજાઓને હાનિ ન પહોંચતી હોય તો તમને મનગમતી કોઈ પણ બાબત કરવા તમે સ્વતંત્ર છો... હા... પછી તમારા નિર્ણયનું જે કંઈ પણ પરિણામ આવે તેને સ્વીકારી લેવાની તમારી સંપૂર્ણ જવાબદારી હોવી જોઈએ.

દરેક વ્યક્તિ પોતાના જ કર્મની કર્તા અને પોતાની નિર્ણાયક હોવી જોઈએ. તમે તમારી જાતનો ભાર તમારા ઉપર રાખતા હોવ પછી શા માટે કોઈને અકળામણ થવી જોઈએ?

તમારું જીવન કઈ રીતે જીવવું એ નક્કી કરવાનો અધિકાર તમારો જ છે

એ સમજાવવા બીજું ઉદાહરાણ એક યુવતીનું આપું છું. પુખ્ત વયે પહોંચેલી શ્રીમંત માતા-પિતાને ત્યાં ઊછરેલી એક યુવતી પોતાના કરતાં નીચી જાતિના ગરીબ યુવક સાથે લગ્ન કરવા ઇચ્છતી હતી, પરંતુ માતા-પિતાની આ માટે સંમતિ નહોતી. એ યુવતી માતા-પિતા તૈયાર થાય ત્યાં સુધી રાહ જોવા તૈયાર હતી. ત્રણ વર્ષ રાહ જોયા પછી માતા-પિતાને સમજાયું કે દીકરીનો નિર્ણય મોહાંધ અવસ્થામાં લેવાયેલો નિર્ણય નથી, પરંતુ એના નિર્ણયથી નીપજનારાં પરિણામોથી તે પૂરેપૂરી વાકેફ છે અને નિર્ણયની સંપૂર્ણ જવાબદારી પોતાના માથે લેવા તૈયાર છે.

માતા-પિતાને સમજાયું કે પોતાની જાતનો ભાર પોતાના માથે પુત્રી રાખતી હોય તો વધારે વાદ-વિવાદની જરૂર નથી. પુખ્ત વયની શ્રીમંત ઘરની યુવતી નાત-જાતની પરવા કર્યા વગર ગરીબ ઘરના યુવક સાથે લગ્ન કરવા માગતી હોય જેની કોઈ જવાબદારી માતા-પિતાની ના હોય તો એ લગ્નનાં સંભવિત ભયસ્થાનો પ્રત્યે માતા-પિતા અંગુલિનિર્દેશ ચોક્કસ કરી શકે, પણ આખરી નિર્ણય માતા-પિતા પોતે જ લેવા માગે તો એ યુવતીના વ્યક્તિગત હક્ક પર તરાપ છે.

વ્યક્તિએ પોતાનું જીવન કઈ રીતે ઘડવું તે નક્કી કરવાનો તેનો પોતાનો અબાધિત અધિકાર છે. વ્યક્તિ પોતે જે કંઈ વિચારે છે અને જે કંઈ વર્તન કરે છે તેનાં પરિણામો અંગેની જવાબદારી તે પોતે સભાનપણે સંપૂર્ણ રીતે સ્વીકારતી હોય તો તમારી લાગણી, વર્તન કે વિચારોને કઈ દિશામાં વાળવાં તેનો નિર્ણય કરવાનો તેને પૂરેપૂરો અધિકાર છે. આ અધિકારનો વ્યક્તિ સ્વીકાર કરી લે એટલે તેનાં વાણી અને વર્તનમાં જવાબદારી દેખાશે.

જો વ્યક્તિ બિનસ્વાગ્રહી હશે તો પોતે અમુક સંજોગોમાં શું નિર્ણય લેવો તે માટે બીજા તરફ પ્રશ્નાર્થસૂચક જોયા કરશે. આવી વ્યક્તિઓ નિર્ણય લેવામાં આનાકાની કરે છે. કારણ પોતે ભાવિ પરિણામોની જવાબદારી લેતાં ડરે છે. તેથી પોતાના અંગત નિર્ણયો પણ બીજી વ્યક્તિ લઈ આપે તેવી અપેક્ષા રાખે છે.

એથી વિરુદ્ધ સ્વાગ્રહી વ્યક્તિ પોતાના આ હક્ક પર બીજાને તરાપ મારવા દેતી નથી. પોતે અન્યના અભિપ્રાયો મેળવી સંજોગોને વિવિધ દૃષ્ટિકોણથી નિહાળવાની જરૂરિયાત સમજે છે, પણ આખરી નિર્ણય પોતાનો જ રાખે

છે અને એનાં પરિણામો સ્વીકારવાની તેની પૂરેપૂરી જવાબદારી પોતાના માથે જ રાખવા માગે છે.

ન્યુરોગ્રાફ :

*બીજાઓ પાસે તમારી જિંદગીના નિર્ણયો લેવડાવી, એનાં પરિણામો માટે પણ બીજાઓને જવાબદાર ઠેરવવાની વૃત્તિથી દૂર રહો.*